Community Resilience to Foreign Interference

# કાયદાકીય સહાય અને સલાહ

**નોંધ:** આ એક સામાન્ય માહિતી છે. તે ફક્ત તમારી સમજણ માટે છે અને તે કોઈ કાયદાકીય સલાહ નથી.
ચોક્કસ કાયદાકીય સલાહ માટે પાત્ર કાયદાકીય પ્રોફેશનલ સાથે વાત કરો.

જો કોઈ વ્યક્તિ વિદેશી હસ્તક્ષેપનો અનુભવ કરી રહી હોય, તો કાયદાકીય સહાય અને સલાહ મેળવવાથી તેમને તેમના અધિકારો અને ઉપલબ્ધ વિકલ્પો સમજવામાં મદદ મળી શકે છે.

## ન્યૂ ઝીલેન્ડમાં તમારા અધિકારો

ન્યુ ઝીલેન્ડમાં તમારા અધિકારો વિશે અહીંથી જાણકારી મેળવો

## કાયદાકીય સહાય ક્યાંથી મેળવવી

### કમ્યુનિટી લૉ

કમ્યુનિટી લૉ સેન્ટર્સ આ બાબતોમાં મદદરૂપ થઈ શકે છે:

- કાયદાકીય માહિતી અને શિક્ષણ
- કાયદાકીય સલાહ, સહાય અને પ્રતિનિધિત્વ – ખાસ કરીને એવા લોકો માટે કે જેમને કાયદાકીય સેવાઓ માટે ચૂકવણી કરવાનું પોષાય તેમ નથી.

ન્યૂ ઝીલેન્ડમાં કુલ 24 કમ્યુનિટી લૉ સેન્ટર્સ આવેલા છે. મોટાભાગના સેન્ટર્સ નાના સમુદાયોમાં આઉટરીચ સેવાઓ અથવા ક્લિનિક્સની સુવિધા પૂરી પાડે છે. એપોઇન્ટમેન્ટ લેવા માટે સીધો સ્થાનિક સેન્ટર્સનો સંપર્ક કરો.

વધારે જાણકારી માટે કમ્યુનિટી લૉની વેબસાઇટ પર જાઓ.

### યૂથ લૉ

યૂથ લૉ 25 વર્ષથી નાની વયના તમામ બાળકો અને યુવાનોને વિનામૂલ્યે કાયદાકીય સેવાઓ પૂરી પાડે છે.

વધારે જાણકારી માટે યૂથ લૉ ની વેબસાઇટ પર જાઓ

## સિટીઝન્સ એડવાઇઝ બ્યુરો

સિટીઝન્સ એડવાઇઝ બ્યુરો આ બાબતોમાં મદદરૂપ થઈ શકે છે:

- અધિકારો વિશેની માહિતી
- વિનામૂલ્યે, ગુપ્ત, સ્વતંત્ર માહિતી અને સલાહ
- કાયદાકીય સલાહ માટે તમારા સ્થાનિક કમ્યુનિટી લૉ સેન્ટરનું રેફરલ
- તમને જરૂર પડી શકે તેવી સેવાઓ કેવી રીતે મેળવવી તે અંગેની માહિતી

માહિતી મેળવવા માટે સિટીઝન્સ એડવાઇઝ બ્યુરોની વેબસાઇટ પર જાઓ અથવા ગુપ્ત મદદ માટે તેમને 0800 367 222 પર વિનામૂલ્યે કૉલ કરો.

## લીગલ એઈડ (કાયદાકીય મદદ)

લીગલ એઈડ (કાયદાકીય મદદ) જે લોકોને વકીલની સેવા લેવાનું પોષાય તેમ નથી, તેમના માટેનું સરકારી ફન્ડિંગ છે. તે કાયદાકીય મદદ માટે ચૂકવણી કરવામાં અને કોર્ટમાં જઈ શકે તેવી કાયદાકીય સમસ્યાઓને ઉકેલવામાં મદદ કરે છે, જેથી લોકો વકીલની સેવા લેવાનું પોસાય તેમ ન હોવાને કારણે ન્યાયથી વંચિત ન રહી જાય.

અહીં કાયદાકીય મદદ વિશે વધુ જાણો

## ન્યૂ ઝીલેન્ડ લૉ સોસાયટી

ન્યૂ ઝીલેન્ડ લૉ સોસાયટી (NZLS) ન્યૂ ઝીલેન્ડમાં વકીલો માટેની નિયમનકારી સંસ્થા છે. લોકો તેમની ઓનલાઇન ડિરેક્ટરીનો ઉપયોગ કરીને વકીલને શોધી શકે છે. તે ન્યૂ ઝીલેન્ડમાં કાયદાકીય પ્રેક્ટિસ કરવા માટે અધિકૃત વકીલોની યાદી ધરાવે છે.

ન્યૂ ઝીલેન્ડ લૉ સોસાયટીની વેબસાઇટ પર જાઓ